| | |
|---|---|
| **Date:** 30.11.2020 | **Publication:** Divya Bhaskar |
| **Page no.:** 12 \| 6 | **Edition:** Ahmedabad \| Mumbai |
| **Title:** Personal Accident Cover: Along with ensuring financial security in case of an unfortunate event, also helps with children’s education, EMI Payment | |

**વીમાની વાત** ભાગદોડ વાળી જિંદગીમાં મારી સાથે કાંઇ ન થાય એવા વિચારમાંથી બહાર આવવાની જરૂર છે

# પર્સનલ એક્સિડન્ટ કવર : અનહોની પર નાણાં સુરક્ષાની સાથે બાળકોના અભ્યાસ, ઈએમઆઈ ચૂકવણીમાં પણ થઈ શકે છે મદદ



ગુરદીપસિંહ બત્રા, હેડ, રિટેલ અંડરરાઈટિંગ, બજાજ આલિયાંઝ જનરલ ઈન્સ્યો.

આજકાલ ભાગદોડ ભરેલી જિંદગી અને અનિશ્ચિતતામાં એવું વિચારી લેવાની જરૂરિયાત નથી કે મારી સાથે કાંઇ પણ ન થઇ શકે. મુશ્કેલી સમય પુછીને નથી આવતી. દુર્ઘટના અને ઇજા કોઇપણને ગમે ત્યારે થઇ શકે છે. એટલું જ નહિં, ગંભીર દુર્ઘટનાની સ્થિતીમાં ઘર-પરિવાર આર્થિક સંકટમાં પડેલાઇ શકે છે. ખાસકરીને જ્યારે ઘરમાં કમાનાર એક જ વ્યક્તિ હોય અને તેની સાથે કાંઇ પણ થઇ શકે છે. આવામાં વ્યક્તિના દુર્ઘટના કવર (પર્સનલ એક્સિડેન્ટ વીમા) લેવો જરૂરી બની ગયો છે. દુર્ઘટનાને આપણે રોકી શકતા નથી. પરંતુ આપણા પર નિર્ભર લોકોને બોજ ઘટાડી શકો છો એટલે તેમની જિંદગી સરળતાથી ચાલી શકે છે.

## એટલા માટે જરૂરી છે પોલિસી

વ્યક્તિગત દુર્ઘટના કવર એક બેનિફિટ પોલિસી છે. જે દુર્ઘટનામાં મૃત્યુ અથવા વિકલાંગતાના જોખમને કવર કરે છે. કોઇ દુર્ઘટનાથી પૂર્ણ રીતે અથવા આંશિક રૂપથી વિકલાંગતા થઇ શકે છે. જીવન વીમા પોલિસી આના પર કવરેજ આપતી નથી અને હેલ્થ વીમાથી માત્ર હોસ્પિટલમાં દાખલ થવા પર ઇલાજ ખર્ચ મેળવી શકો છો. જ્યારે વ્યક્તિગત દુર્ઘટના કવર તમને એવી કોઇ સંકટ સ્થિતિમાં પણ નાણાકિય રૂપથી મજબૂત બનાવી રાખે છે.



### પ્રતિ દિવસ 2 રૂપિયાના ખર્ચમાં મળી રહ્યું છે 15 લાખ રૂપિયાનું કવર

આ પોલિસી ઘણી સસ્તી છે અને 15 લાખ રૂપિયા વીમા રકમવાળા કવર તમને 2 રૂપિયા દૈનિક ખર્ચમાં મળી જાય છે. આ વાર્ષિક આધાર પર ઉપલબ્ધ છે. દર વર્ષે રિન્યુ કરાવવાની રહે છે. કોઇ પણ મુદત (વેઇટિંગ પીરિયડ) દ્વારા આનું કવર પહેલા દિવસથી જ શરૂ થઇ જાય છે.

## દુર્ઘટના વીમામાં શું કવર થાય છે

દુર્ઘટનામાં વિકલાંગતા અથવા મૃત્યુની સ્થિતિમાં વ્યક્તિગત દુર્ઘટના કવર સહાયતા મેળવી શકો છો. રોડ દુર્ઘટના અથવા સાયકલથી પડવા અથવા ફુટબોલ રમતા સમયે હાથ-પગમાં ફ્રેક્ચર જેવી નાની-મોટી દુર્ઘટના માટે દવાખાના ઇલાજ ખર્ચને પણ આ પોલિસી દરમિયાન કવર કરી શકાય છે. આકસ્મિક મૃત્યુ અથવા પૂર્ણ વિકલાંગ જેવી સ્થિતી માટે આ કવર વધુ મહત્વપૂર્ણ થઇ જાય છે. વ્યક્તિગત દુર્ઘટના પોલિસી વર્લ્ડ વાઇડ કવરેજની સાથે આવે છે. જેમાં મૃત્યુની સાથે-સાથે કાયમી વિકલાંગતતા, આંશિક વિકલાંગતા, એડવેન્ચર સ્પોર્ટ્સના લાભ, બાળકોના અભ્યાસના લાભ, ફ્રેક્ચર કેર, ઇએમઆઇ ચૂકવણી અને લોન પ્રોટેક્ટર કવર અન્યનો સમાવેશ થાય છે. ઉદાહરણ માટે જો તમે એક સાહસિક રમતમાં ભાગ લેનાર ખેલાડી છો તો તમે હેલ્થ ઇન્સ્યોરન્સ બેસ કવરના વધુ પ્રકારનો ફાયદો લેવા માટે પ્રીમિયમની ચૂકવણી કરી શકો છો. ઇએમઆઇ છે અને મૃત્યુ થઇ જાય છે અથવા સ્થાયી રૂપથી વિકલાંગ થઇ જાવ તો તમે લોન રક્ષણ વિસ્તાર (લોન પ્રોટેક્ટર એક્સટેનશન) લઇ શકો છો અને પોતાની લોન બાબતમાં સુરક્ષિત થઇ શકો છો.